# iPhonesના ૬૨ હજાર નંગોની ચોરી : UK માં આશ્રિતોએ તબાહી મચાવી છે

પાકિસ્તાન, અફઘાનિસ્તાનના અમુક લોકો નિરાશ્રિત તરીકે યુ.કે. અને યુરોપમાં કેવા ખેલ પાડે છે એનું એક જ્વલંત ઉદાહરણ હમણાં સામે આવ્યું છે. આમીર ખાડીખેલ નામક એક અફઘાની નિરાશ્રિતે લંડનમાં અને ઈંગ્લેન્ડમાં એક ટોળકી ઊભી કરી અને એપલ આઈફોનના પાંચ-પચાસ નંગ નહીં, પૂરાં બાસઠ હજાર નંગોની ચોરી અને તફડંચી કરી. અને કુલ ૨૩૪૦ (બે હજાર ત્રણસો ચાલીસ) કરોડ રૂપિયાવાળા એપલના આઈફોન્સ UKની બહાર મોકલી આપ્યા. આટઆટલી ચોરી બાદ સ્કોટલેન્ડની દંતકથામય ગણાતી પોલીસ ઊંઘતી રહી તે બતાવે છે કે UKમાં નવા વોક અને લિબરલ કાનૂનોને કારણે બીજા વિભાગોની સાથે સાથે UKની પોલીસનું પણ અધ:પતન થઈ ચૂક્યું છે.

આ ટોળકી માત્ર એપલના ફોન્સ જ ચોરી કે ઉઠાવી જતી. તેના રિંગ લીડર તરીકે આમિર ખાડીખેલ હતો, જેના હાથ નીચે સેંકડો ચોર અને તફડંચીબાજો કામ કરતાં હતાં. તેમાં કેટલીક મહિલાઓ પણ હતી. આઈફોનના અદ્યતન મોડેલને ફોન ચોરીને લઈ આવનારને ૭૫૦ ઈંગ્લિશ પાઉન્ડ અપાતા, જેની કિંમત ૯૭ હજાર રૂપિયાની આસપાસ થાય.

ટોળકી માત્ર આઈફોન્સ જ ચોરતી કે ઉઠાવી જતી હતી. તેમ છતાં લંડનમાં કુલ જેટલા ફોન ચોરાયા, તેમાંના ચાલીસ ટકા કિંમતના ફોન ઉઠાવગીરોની આ રિંગે ચોર્યા હતા. ગેંગ સાથે લંડનના વેસ્ટ એન્ડ એરિયાની આસપાસ પચ્ચીસેક જેટલી મહિલાઓની ટોળકી કાર્યરત હતી, જેમાં ચૌદથી માંડીને પચાસ વર્ષની યુવતીઓ કામ કરતી હતી. ચોરીનો ફોન ગેંગના પચાસેક જેટલા વચેટિયાઓમાંથી કોઈને પણ સોંપવામાં આવતો. એ મિડલમેન આમિર ખાડીખેલને અથવા એની અફઘાન સાગરીત ઈસ્મત મીઆખિલને એ ફોન પહોંચાડતા હતા. આમિર ૩૫ અને ઈસ્મત ૩૩ વર્ષની છે. ખાડીખેલ એ ફોન દુબઈ અથવા ચીન, જાણીતી કુરિયર કંપનીઓ ડીએચએલ અથવા યુપીએસ દ્વારા મોકલી આપતા હતા. માત્ર એક વર્ષની અંદર બે હજાર ત્રણસો ચાલીસ કરોડ રૂપિયાના ફોન રવાના કરવામાં આવ્યા હતા. પ્રત્યેક સપ્તાહમાં હજાર કે તેની આસપાસની સંખ્યામાં બે ખેપ મોકલાતી હતી.

લંડનની એક વ્યક્તિનો ફોન ચોરાઈ ગયો ત્યારે તેની ભાળ મેળવવા એણે મોબાઈલ ટ્રેસિંગ એપનો ઉપયોગ કર્યો. ગયા ડિસેમ્બરની વાત છે. એ ફોન લંડનના હીથ્રો એરપોર્ટ નજીક ડીએચએલ કુરિયર કંપનીના ડેપોમાં પડ્યો છે તેમ જણાયું. એણે પોલીસને જાણ કરી અને આ રીતે UKનું સૌથી મોટું ફોન ચોરીનું રેકેટ બહાર આવ્યું. ડીએચએલના કર્મચારીઓએ એક હજાર ફોનના પાર્સલોમાંથી એ ફોન શોધી આપ્યો. આ હજાર ફોનના પાર્સલ હોંગકોંગ લઈ જવાની તૈયારીમાં હતાં.

બીજી તરફ આ ગેંગ પર નજર રાખવાની પોલીસે શરૂઆત કરી ત્યારે જાણવા મળ્યું કે ખાડીખેલ અને મીઆખેલ સાથે મળીને અઢી કિલોમીટર લાંબી ફોઈલ કાગળોની રીલો ખરીદી હતી. એ એલ્યુમિનિયમ ફોઈલમાં પેક કરવામાં આવે તો ટ્રેસિંગ એપ વડે ફોન પકડી શકાતા નથી એવું તેઓ માનતા હતા. આ ખરીદી દ્વારા તેઓ પોલીસની નજરે ચડી ગયા.

જો ચોરી કરનારને લાખેક રૂપિયા ચૂકવે અને કુરિયરના મોંઘા ભાડાં ભરે તો ટોળકીને ફાયદો શેનો થાય? અહીંથી મજાની વિગતો શરૂ થાય. હેન્ડસેટ્સને ચીન અને દુબઈ, મિડલ ઈસ્ટ ખાતેની વર્કશોપ્સમાં મોકલી અપાતા હતા. ત્યાં એ ફોનમાં એવા ફેરફારો કરવામાં આવતા કે એને ક્યારેય ટ્રેસ ન કરી શકાય. ત્યારબાદ તેને ચીનની ખાનગી માર્કેટમાં નંગ દીઠ લગભગ પાંચ હજાર યુએસ ડોલર (લગભગ પોણા પાંચ લાખ રૂપિયા)માં વેચી નાખવામાં આવતા હતા. ચીનમાં ઈન્ટરનેટના વપરાશ પર અમુક સરકારી પ્રતિબંધો છે. પરંતુ આ ફોન સ્થાનિક નેટવર્કની પકડમાં ન આવે તેવાં સુધારા અજાણ્યા દેશોમાં કરાયા હોય છે. તેથી તેમાં દુનિયાભરનું ઈન્ટરનેટ જોડાણ સરકારની પકડ અને દખલગીરી વગર મેળવી શકાય. એ દુનિયાના લોકોને ડિજિટલી અરેસ્ટ કરવા અને લોન ધરીને બ્લેકમેલ કરવા આ રીતના મોડીફાઈડ ફોન વપરાય છે. ઉપરાંત સામાન્ય ચીની લોકો ચીન બહારની દુનિયાની ગતિવિધિઓ જાણવા, સંપર્કમાં રહેવા આવા ફોનનો ઉપયોગ કરે છે. આ ખાનગી રેકેટ હોવાથી ફોનની ઊંચી કિંમત મળે છે. આ માટેની બીજી એક સિન્ડિકેટ ચીનમાં ચાલતી હશે તેની તપાસ ચીની સરકાર હવે કરાવશે. લંડનના ડિટેક્ટિવ ઈન્સપેક્ટર માર્ક ગોવીન કહે છે કે આ રેકેટ બહાર આવ્યા બાદ એ જણાયું છે કે તે દુનિયાભરમાં ફેલાયેલું છે અને ઊંડી, જટિલ તપાસવિધિનો આરંભ થયો છે. ટોળકી ઈરાદાપૂર્વક ઊંચી કિંમતના ફોન ઉઠાવી જતી હતી જેથી વિદેશોમાં તેની સારી કિંમત ઊપજે. મન્સુર મોહમ્મદ નામનો ત્રીસ વરસનો યુવાન આ રિંગમાં મિડલમેન તરીકે કામ કરતો હતો. એ ભારતથી વર્કિંગ વિઝા પર UK ગયો છે. આ બાવીસ મેના રોજ ત્રણેય આરોપીઓને સજા સંભળાવવામાં આવશે.




**આટઆટલી ચોરી બાદ સ્કોટલેન્ડની દંતકથામય ગણાતી પોલીસ ઊંઘતી રહી તે બતાવે છે કે યુકેમાં નવા વોક અને લિબરલ કાનૂનોને કારણે બીજા વિભાગોની સાથે સાથે યુકેની પોલીસનું પણ અધ:પતન થઈ ચૂક્યું છે**

ગયા સપ્ટેમ્બરમાં પોલીસે તેઓનાં ઠેકાણાં પર રેડ પાડી ત્યારે કારની ડીકીઓમાંથી સેંકડો ફોન અને પચ્ચીસ હજાર પાઉન્ડ રોકડા મળી આવ્યા હતા. ઉપરાંત એ લોકોની એક પ્રોપર્ટી પરથી વધુ બે હજાર હેન્ડસેટ અને પચાસ હજાર પાઉન્ડની રકમ મળી આવ્યા છે. મોબાઈલ ફોન ઊઠાંતરીમાં હવે મોટી કમાણી થવા માંડી છે તેથી ઘણી ગેંગો ડ્રગ્સની હેરફેરને બદલે ફોન-ચોરીના ધંધે વળગી છે. પોલીસ કમિશનર માર્ક રોલી કહે છે કે ફોન અને ટેકનોલોજી કંપનીઓએ ફોનની ચોરી અટકાવે તેવું કોઈ ફીચર ડિવાઈસોમાં ઉમેરવું પડશે. અન્યથા સરકારે કાયદો ઘડીને કંપનીઓને તેમ કરવાની ફરજ પાડવી પડશે.

**સારાંશ**
★વિન્સી મરચન્ટ

UKમાં વેઈટ્રોઝ નામક ત્રણસોથી વધુ સ્ટોર્સની એક ચેઈન છે, જે પ્રીમિયમ બ્રાન્ડેડ, મોંઘી અને લક્ઝરી ફેશનની ચીજવસ્તુઓ માટે જગતમાં મશહૂર છે. શ્રીમંત અને ઉચ્ચ મધ્યમ વર્ગને પોસાય તેવી ખાદ્યસામગ્રીઓ, વાઈન, લિકર વગેરે ત્યાં મળે. ઈસ્ટરના દિવસે પૂર્વે સોના-ચાંદીની ધાતુની ગોળ ફ્રેમમાં જડેલાં, સુંદર રંગબેરંગી ચિત્રો સાથેના ઈસ્ટર એગ્સ વેઈટ્રોઝ અને UKની અન્ય દુકાનોમાં વેચવા મૂકાય. ઈસ્ટરની આ ટ્રેડિશન છે અને આ શાહમૃગ અને અન્ય પક્ષીઓના ઈંડામાંથી તૈયાર કરાયેલા ઈસ્ટર એગ્ઝ લોકો પેઢીઓ સુધી સાચવી રાખે છે. ગઈ ઈસ્ટરના થોડા દિવસો અગાઉ લંડનના કલેફાય જંકશન પરના સ્ટોરમાં ધોળા દિવસે એક ચોર ઘૂસ્યો અને એક થેલામાં ડઝનબંધ ઈંડાઓ ભરીને નીકળી જવાની તૈયારીમાં હતો ત્યારે ૧૭ વરસની આ સ્ટોરમાં નોકરી કરતા ૫૪ વરસના વોકર સ્મિથની નજર એ ચોર પર પડી. એમણે દોડીને ચોરને અટકાવ્યો. બન્ને વચ્ચે રકઝક અને ખેંચાતાણી થઈ. આખરે ચોર એ થેલી મૂકીને ભાગી ગયો. વોકર સ્મિથે દુકાનનો કિંમતી સામાન બચાવી લીધો.

વોકરને શિરપાવમાં શું મળ્યું? એ જાણીને ઘણા નવાઈ પામી જાય છે. બે દિવસ બાદ એને નોકરીમાંથી છૂટો કરી દેવાયો. રૂખસદ આપી દીધી. કારણ? કારણ કે જે ચોરને એણે પડકાર્યો અને ઝપાઝપી કરી હતી. સ્ટોરની પોલીસી છે કે ગમે એટલો કિંમતી માલ હોય કોઈ ચોરી જાય તો જવા દેવો. એની સાથે હાથાપાઈ કે ખેંચાખેંચી નહીં કરવાની? રખેને ચોર કર્મચારીને ઈજા પહોંચાડે, હત્યા કરી નાખે તો? સ્ટોરનું કહેવું છે કે ચીજવસ્તુઓ કરતાં કર્મચારીના જીવનું વધુ મૂલ્ય છે. વોકર કહે છે કે, ‘‘એ રીઢો ચોર હતો. અગાઉ પણ ચોરી કરી ગયો હતો અને મારો સ્ટોર સાથે વરસોથી નાતો બંધાઈ ગયો છે. કોઈ ચોરી કરે તે હું જોઈ ન શકું?’’સ્ટોરના માલિકો કર્મચારીઓની ખૂબ પરવા કરે છે તેમ માની લેવાની જરૂર નથી. કર્મચારી સ્ટોર કે ઓફિસના હિતમાં કોઈ આચરણ કરે અને તેમ કરવામાં એ અપંગ બને, જીવ ગુમાવે તો અદાલતો મોટું વળતર ચૂકવવાનો સ્ટોર કે કંપનીને હુકમ આપતી હોય છે. દુકાનો સામાન ચોરાઈ જાય તે કંપનીને ઘણો સસ્તો પડે. વધુ કિંમતી હોય તો પોલીસમાં ફરિયાદ નોંધાવે તો કદાચ પાછો મળે. આમેય ચોરી કે લૂંટ અટકાવવાની કોઈ કર્મચારી કે મેનેજરની ફરજ બનતી નથી, સિવાય કે એ ચોકીદાર હોય.

આ ઘટના એપ્રિલમાં ઘટી. મે મહિનામાં આવું જ એક પુનરાવર્તન થયું. ઈંગ્લેન્ડના ઓલ્ડરીજ શહેરના મોરીસન્સ સ્ટોરના મેનેજર શ્યોન ઈગાને એક ચોરને શોપમાંથી દારૂની બાટલીઓ ચોરી જતા અટકાવ્યો એટલે શ્યોનને બરતરફ કરવામાં આવ્યો. આ બધી ઘટનાઓ અખબારોમાં છપાઈ, સોશિયલ મીડિયામાં પ્રજા ગુસ્સે ભરાઈ. જેમને મોટી ઉંમરે શિરપાવ આપવાને બદલે રૂખસદ અપાઈ તેઓ બિચારા જાય ક્યાં? ટીવી ચેનલોએ તેઓની મુલાકાતો લીધી. લોકોએ તેઓના માટે ફંડફાળો પણ એકઠો કર્યો. વોકર સ્મિથને તો એક બીજી કંપનીએ સામેથી બોલાવીને નોકરીએ રાખી લીધો. જેલની સજા ભોગવી ચૂક્યો હતો. બીજી તરફ શ્યોન ઓલ્ડરીજ વિસ્તારમાં એક સદગૃહસ્થ તરીકે જાણીતો હતો. મોરીસન્સ સ્ટોરની પોલીસી ચોરને બોલીને અટકાવો પણ એને પકડો નહીં. (ડિટર, ડોન્ટ ડિટેઇન)ની રહી છે.

શ્યોન પ્રત્યે બ્રિટિશ પ્રજામાં સહાનુભૂતિનો જુવાળ પેદા થયો તે હકીકતમાં પ્રજાનો આક્રોશ હતો. ચોર લોકોને ચોરી અને લૂંટ માટે મોકળું મેદાન આપવાની નીતિ સામેનો વિરોધ છે. વાસ્તવમાં બે અંગ્રેજ સમાજવિજ્ઞાનીઓ જેમ્સ વિલ્સન અને જ્યોર્જ કેલિંગે 1982માં બ્રોકન વિન્ડોઝ પોલિસિંગ ઉર્ફે બ્રોકન વિન્ડોઝ થિયરી રજૂ કરી હતી. તેમનું કહેવું છે કે ક્યાંક બારીનો કાચ તોડી નાખવામાં આવ્યો હોય, ચિત્રો કે લખાણો વડે દિવાલો બગાડવામાં આવી હોય, ક્યાંક કોઈકે જાહેરમાં કચરો ફેંક્યો હોય, કોઈ વ્યક્તિ કામ વગર અમુક વિસ્તારમાં ટહેલતી રહેતી હોય, કોઈ લોકો કે વ્યક્તિ જાહેરમાં શરાબ ઢીંચતી હોય, તેના કરનારાઓ કે કુવર્તન આચરનારાઓને પકડીને સજા કરવામાં આવે તો લોકો મોટા ગુનાઓ આચરતા અટકે છે. બ્રોકન વિન્ડોઝ નામ બે અર્થમાં છે. બારી તોડનારને સજા થાય તે બીજા લોકોને દેખાવું પણ જોઈએ. નાના-નાના ગુનાઓ પર પોલીસ ધ્યાન આપે તો લોકો મોટા ગુનાઓ તરફ નહીં વળે અથવા ડરશે. પરંતુ નવા પ્રકારની વોક પણ વિકૃત વિચારધારાએ ચોર લોકોને માન-સન્માન કર્યું છે. એમને મોટી ચોરીઓ અને લબાડીઓ તરફ વળ્યા છે.

આજે યુરોપ-અમેરિકાના સ્ટોર્સમાંથી ચીજવસ્તુઓની છડેચોક ઉઠાંતરી કરવાની ગુનેગારી ભરપૂર ખીલી છે. ખાસ કરીને UK શોપલિફ્ટિંગનો દેશ બની ગયો છે. છેલ્લા 20 વરસમાં આજે તેનું પ્રમાણ સૌથી વધુ છે. જાહેરમાં ગંદકી કરવી, ટોઈલેટ-યુરિન કરવું, કચરો ફેંકવો, માર્ગે જઈ રહેલા લોકોને હેરાન કરવા વગેરે ગુનાઓ વ્યાપક બની ગયા છે. એક સમય હતો જ્યારે પશ્ચિમના દેશોના લોકોની પ્રમાણિકતાની ગાથાઓ પૂર્વના લોકોને વારંવાર કરી સંભળાવવામાં આવતી હતી. તે સાંભળીને લોકો નવાઈ પામતા જતા હતા. આજે અમેરિકામાં ડર છે તેથી એ નીતિમતા જળવાઈ રહી છે. અપવાદરૂપ કિસ્સામાં તેનો ભંગ થાય છે. ત્યાં પણ નીતિ-નિયમો છે, જેમાં ચોર સાથે બાથંબાથી કરવાની હોતી હતી. પરંતુ પોલીસને ફોન કરાય તો તુરંત હાજર થયા છે અને ક્યારેક પોલીસ ચોરને આત્યંતિક સજા કરે છે. એક શોપમાં ચોરી કરવાની શંકાના આધારે જ્યોર્જ ફ્લોઈડને પોલીસે ઘૂંટણ વડે ગળું દબાવીને રસ્તા પર મારી નાખ્યો હતો.

UKમાં આજકાલ વાતાવરણ એવું છે કે વિશાળ અસંખ્ય સ્ટોર્સ ચોરી શીખવવાની પાઠશાળાઓ તરીકે ખોલી રાખ્યા છે. બ્રિટિશ સરકારોની તથાકથિત માનવતાવાદી, ડાબેરી અને વોક નીતિઓને પરિણામે દુનિયાભરના આવારા, લફંગા અને ચોર-ડાકુ તત્ત્વો નિરાશ્રિત તરીકે લાખોની સંખ્યામાં UKમાં ઘૂસી ગયા છે અને અંગ્રેજો સમજે છે કે તેઓ UKના માનવંતા મહેમાનો છે. તેઓ એ નથી સમજતાં કે આડે-અવળે જોખમભર્યા માર્ગે UKમાં ઘૂસવાની એ લોકો જ હિંમત કરી શકે, જેઓ ભરાડી હોય અને કાયદાના પાલનમાં વિશ્વાસ ન હોય. તેઓ એ કારણથી પણ ચોરી, હુમલાઓ વગેરે ગુના આચરે છે જેથી પોલીસ કેસ કરે અને કેસનો નિકાલ ન થાય ત્યાં સુધી UKમાં વસવાનો આડકતરો પરવાનો મળી જાય. ત્યારબાદ તેઓ કોઈ બીજું બહાનું ઊભું કરે છે. છેલ્લાં અહેવાલો મુજબ બ્રિટનની પ્રજા હવે તેઓ સામે એક થઈ રહી છે.